**અમદાવાદ(રૂરલ)ના મહે. પાંચમા એડીશનલ ચીફ જ્યુડી.મેજી.ફ.ક સાહેબશ્રીની કોર્ટમાં,મુ.અમદાવાદ**

**ક્રિમીનલ કેસ નં.-6737/2019**

**-:આંક-૧ લગત હુકમ :-**

આજ રોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીસના ઉપક્રમે સ્પે.સીટીંગ યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સતામંડળના તથા નામદાર જિલ્લા અદાલતના આદેશ મુજબ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

આ કામે આરોપી સામે ધી પ્રોહી. કલમ-૬૬(૧)બી, ૮૫(૧)(૩) તથા જી. પી. એકટ કલમ-૧૧૦, ૧૧૭ મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્વારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે અને ગુન્હાનું સંજ્ઞાન લેવામાં આવેલ છે. સદરહુ ચાર્જશીટ જોતા આરોપી ચોકકસ સમય અને ચોકકસ જગ્યાએ જાહેરમા પાસપરમીટ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં મળી આવેલ છે, પરંતુ કલમ-૮૫(૧)(૩) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના મુખ્ય તત્વો સાર્વજનિક સ્થળમાં છાટકો બનેલ હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય,અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તણૂક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતો હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાતી નથી. આમ,ચાર્જશીટ તથા તેની સાથેના નીવેદનો તથા અન્ય દસ્તાવેજો વંચાણે લેતા ૮૫(૧)(૩) મુજબનો ગુન્હો પ્રથમ દર્શનીય રીતે બનતો ન હોવાનુ જણાય આવતુ હોય આરોપીને કલમ ૮૫ (૧)(૩) માંથી ડિસચાર્જ કરવામાં આવે છે.

સદર કામે આરોપી સામે વારંવાર સમન્સ/વોરંટ કરવા છતા બજવણી થતી નથી અને આરોપી સામેનો કેસ ઘણો જુનો છે અને આરોપી સામે કાઢેલ પ્રોસેસ પણ બજે કે વગર બજે કે નવા સરનામા મેળવી પોલીસ બજવણી તરફથી પરત ફરેલા નથી કે પોલીસ બજવણી અધિકારી પ્રોસેસની રુએ આરોપીને હાજર કરી શકેલા નથી અને કેસ નિષ્ક્રિય બની રહેલ છે અને કેસનું રેકર્ડ"જોતા પણ આરોપીની હાજરી મળી આવે તેમ જણાતી નથી અને સરકાર પક્ષે પણ આરોપીની હાજરી કેસમાં ઉપ્લબ્ધ કરાવવા કોઈ અરજી/રીપોર્ટ/રજુઆત નથી. જેથી આરોપીને વારંવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરવા છતાં આરોપીની હાજરી ઉપ્લબ્ધ થઈ શકે તેમ જણાતુ નથી અને કેસની ન્યાયીક કાર્યવાહી લંબાયા સિવાય અન્ય કોઈ હેતુ સરતો નથી. આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને વધુ તકો આપવી ઉચીત જણાતી નથી.

**પી.રામચંદ્દ વિ. કર્ણાટક રાજય ૨૦૦૨(૨)જી.એલ.આર. પાના નં.૧૫૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલનામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં સિંધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ""The Criminal Courtshould exercise their available powers such as those under section 309,311,258 of the Code of Criminal Procedure,1973 to effectuate the rightto speedy trial"** આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નંબર ૨૯૧૭/૨૦૦૬ તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રાખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સામાં સી.આર.પી.સી. કલમ-૨૫૮ અન્વયે મળેલ સતાઓનો ઉપયોગ કરે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને રાખી સદર કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય જેથી પોલીસતંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવામાં નિષ્ફળ નીવડેલ હોય અને હવે વધુ સમય આરોપીને હાજર કરાવવા પોલીસ તંત્રને વધુ સમય આપવો ઉચીત જણાતો ન હોય. જેથી ક્રિમીનલ પ્રો.કોડની કલમ-૨૫૮ ધ્યાને લઈ હાલની કેસની કાર્યવાહી સ્થગીત કરવું ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

**-: હુકમ :-**

૧). આથી ચાર્જશીટ પરના હાલના કેસના આરોપીને પ્રોહી. કલમ-૮૫(૧)(૩) માં ડીસચાર્જ કરવામાં આવે છે તથા પ્રોહી.કલમ- ૬૬(૧)(બી) તથા જી. પી. એકટ કલમ-૧૧૦, ૧૧૭ મા ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ની કલમ-૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં પોલીસ આરોપીને શોધખોળ કરી મળી આવે તો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૦૦(૫) અન્વયે ફરી ચાર્જશીટ કરી શકશે.

૨). આરોપીનો જાત મુચરકો તથા જામીનખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ જપ્ત કરી સરકાર ખાલસા કરવામાં આવે છે.

૩). આ કામે કબ્જે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો કોઈ હુકમ કરેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અને અન્ય બીનકીમતી મુદ્દામાલ કે કિંમતી મુદ્દામાલનો અપીલ સમય વીતે ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ : ૧૨ મી, માહે, નવેમ્બર, સને. ૨૦૨૨ ના રોજ સ્પે.સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(આર. સી. સોઢાપરમાર)
૫માં એડિશનલ ચીફ જ્યુડી. મેજી. ફ.ક.
અમદાવાદ (રુરલ) અમદાવાદ
સ્પેશિયલ સીટીંગ મેજિસ્ટ્રેટ.

તા. ૧૨/૧૧/૨૦૨૨
અમદાવાદ